# ડીસામા સાસરિયા દ્વારા તું બે લાખ રૂપિયા નથી લાવી તેમ કહીં પરિણીતાને કાઢી મૂકી

## પરિણીતાને સાસરિયાના ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

ડીસા

ડીસા ખાતે પરિણીતાને સાસરિયા દ્વારા અપશબ્દો બોલી દહેજમાં રૂ ૨ લાખની માંગણી કરી શારીરિક માનસિક આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ડીસાના શ્રેયાબેન માળીના લગ્ન એક વર્ષ અગાઉ દીપકભાઈ પઢીયાર સાથે થયા હતા.લગ્નના શરૂઆતમાં થોડા દિવસ પરિણીતાને સાસરિયા દ્વારા સારું રાખવામાં આવતી હતી.પરંતુ બાદમાં પરિણીતાને સાસરિયા દ્વારા તું દહેજમા બે લાખ રૂપિયા નથી લાવી તેમ મહેણાં ટોળા મારતા હતા.જોકે પરિણીતાએ તેના પિતા ખાનગી નોકરી કરતા હોવાના કારણે તેઓ પૈસા આપી શકે તેમ નથી તેમ કહ્યું હતું તેમ છતાં સાસરિયા દ્વારા પરિણીતા સાથે મારઝૂડ કરી અપશબ્દો બોલી તને નથી રાખવી તેમ કહી તેને ઘરમાંથી મૂકી હતી અંતે પરિણીતાએ પતિ દીપકભાઈ પઢીયાર સસરા અમૃતભાઈ પઢીયાર તેમજ મણીબેન પઢીયાર વિરુદ્ધ ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# મેઘરજના લઘુમતી સમાજના યુવકનું અકસ્માતમાં મોત

મેઘરજ, તા.૨૭

પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો છે રમઝાન ઈદની ધામધૂમ થી ઉજવણી કરવા મેઘરજ નગરના લઘુમતી સમાજના ૬ યુવકો બોલેરો જીપ લઈ કપડાં સહીત માલસામાનની ખરીદી કરવા અમદાવાદ ખરીદી કરી પરત ફરતા અમદાવાદ-મોડાસા માર્ગ પર રખિયાલ-સલાટપુર નજીક બોલેરોજીપ ને પંક્ચર પડતા રોડ સાઈડ ડ્રાઈવર ગાડી ઉભી કરી ટાયર બદલતો હતો તે સમયે બોલેરો જીપમાં રહેલા યુવકો નીચે ઉતરી ઉભા હતા રખિયાલ તરફથી આવતી ટ્રકના ચાલકે બોલેરો જીપને પાછળથી અને સાઈડના ભાગે ટક્કર મારતા બોલેરો જીપ નજીક ઉભા રહેલા મેઘરજના નિવૃત્ત નાયબ મામલતદારના પુત્ર અને આશાસ્પદ યુવક રિયાઝ મુસાભાઈ ચડી ના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા કમકમાટી ભર્યું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું અન્ય ત્રણ યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા અકસ્માતના પગલે દોડી આવેલી તલોદ પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ



અકસ્માતે મોત નો ગુન્હો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મેઘરજ નગરના લઘુમતી વિસ્તારમાં રહેતા રિયાઝ મુસાભાઈ ચડીનું અકસ્માતમાં મોત નિપજતા ૨ વર્ષની માસુમ બાળકીએ પિતાની છત્ર છાયા ગુમાવતા ભારે શોકાગ્નિ છવાઈ હતી.

મેઘરજ થી બોલેરો જીપ લઈ ખરીદી કરવા અમદાવાદ જઈ શનિવારે રાત્રીના સુમારે પરત ફરી રહ્યા હતા ઉજેડિયા ચોકડી નજીક બોલેરો જીપને પંક્ચર પડતા ડ્રાઈવરએ ટાયર બદલાવ જીપ ઉભી રાખતા પાછળથી મોત બની ટ્રક ત્રાટકતા બોલેરો જીપને ધડાકાભેર ટક્કર મારતા બોલેરોજીપ નજીક ઉભા રહેલા

રિયાઝભાઈ મુસાભાઇ ચડી, રિયાઝભાઈ હબીબભાઈ, રેહાન જૈનુદ્દીન અને ફૈઝાન ફરદીન ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા રિયાઝભાઈ મુસાભાઇ ચડી નું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા અને અન્ય ત્રણ યુવકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી વાહન મારફતે તાબડતોડ સારવાર અર્થે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા બે યુવકોની સ્થિતિ નાજુક હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી મેઘરજના આશાસ્પદ યુવકનું મોત નિપજતા મેઘરાજ નગરમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી.



બટાટા, શકકર ટેટી અને તડબૂચ બાદ હવે મરચાંની મંદીથી ખેડૂતોને કયો પાક વાવવો તેની વિમાસણ પેદા થઈ છે સતત ખેત પેદાશોના ભાવ ન મળતા ખેડૂતો ઉત્તરોત્તર દેવામાં ડૂબી રહ્યા છે ત્યારે ૨૦૨૨ માં ખેડૂતોની આવક બમણી કરવાનો દાવો કરતી સરકાર કમ સે કમ ઊંચા ટેકાના ભાવ જાહેર કરી અન્ય રાજ્યોમાં નિકાસને પ્રોત્સાહન આપે તેમ જગતનો તાત વિનવે છે હાલમાં તો છેલ્લા ઘણા સમયથી પોષણક્ષમ ભાવ ન મળતા ખેતી ખેડૂતો માટે ખોટનો ધન્ધો સાબિત થઈ રહી છે.

# પાલનપુરના કોમ્પ્લેક્સની લિફ્ટમાં આગ લાગતાં દોડધામ



પાલનપુર

સુરતમાં બનેલી આગની દુર્ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં કોમ્પ્લેક્સમાં ફાયર સેફટીની સાથે સાથે ટ્યુશન સહિતના કલાસોમાં તપાસ કરવામાં આવી રહી છે. જ્યાં બનાસકાંઠામાં પણ તંત્ર દ્વારા તપાસ ચાલી રહી છે. આવી સ્થિતિ વચ્ચેજ પાલનપુર- આબુ હાઈવે નજીક આવેલા સંસ્કૃત કોમ્પ્લેક્સની લિફ્ટમાં રવિવારે સાંજના સુમારે શોર્ટ સર્કિટથી એકાએક આગ લાગતાં ભારે અફરા તફરી મચી જવા પામી હતી. જ્યાં કોમ્પ્લેક્સ તેમજ આજુબાજુના વેપારીઓ એકત્ર થઈ ગયા હતા. અને ત્વરિત નગરપાલિકામાં જાણ કરવામાં આવી હતી. જ્યાં દોડી આવેલા કર્મીઓએ ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. જોકે, રવિવારે ઘટના બનતાં કોઈ વ્યક્તિને ઈજાઓ કે જાનહાની થઈ ન હતી.

# ડીસા તાલુકાના વિઠોદર ખાતે ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠાના કોળિયાળા પરગણાની બેઠક મળી



ડીસા તાલુકાના વિઠોદર ખાતે રવિવાર ના રોજ ગુરુ બ્રાહ્મણ સમાજ કોળિયાળા પરગણા ની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં ગુરુ બ્રાહ્મણ સમાજના પરચાધારિ મહંત માનદાસબાપુના મંદિરે ફુલહાર ચઢાવીને પરગણાના વિકાસલક્ષી કાર્ય કરવાની ચર્ચાઓ કરવામાં આવી. કોળિયાળા પરગણા દ્વારા પરગણાનું ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરાવાના હેતુસર ખાસ બેઠક બોલાવવામાં આવી હતી.

આગામી સમયમાં ગુરુ બ્રાહ્મણ સમાજ બ.કા કોળિયાળા પરગણા દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ તેમજ પરગણાના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજવાના કાર્યક્રમની પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં પરગણાના સ્વૈચ્છિક દાતાઓ દ્વારા ઉદાર હાથે દાનની સરવાણી વહાવી હતી ને કાર્યક્રમ કરવા નક્કી કરાયું હતું. જેમાં ગુરુ બ્રાહ્મણ સમાજ બ. કા. કોળિયાળા પરગણા વડીલો યુવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# વડગામ જનસેવા કેન્દ્રમાં આવક અને જાતિના દાખલા કઢાવવા વચેટીયાઓ રુપિયા પડાવતા હોવાની રાવ

વડગામ, તા.૨૭

વડગામ તાલુકાના મથકે આવેલા જન સેવા કેન્દ્ર માં આવક અને જાતિના દાખલા કઢાવવા માટે વચેટીયાઓ રૂપિયા પડાવતા હોવાની રાવ ઉઠવા પામી છે. અરજદારો કલાકો સુધી લાઈનમા ઉભા રહેતા હોવા છતાં ફરજ પરના કર્મિઓ ઉદ્ધત જવાબ આપી રહ્યા છે તેમના માનીતા વચેટીયાઓ ના કામો ફટાફટ કરી ને અરજદારો ને ધક્કા ખવડાવાય રહ્યા હોવાની બુમરાડ લોકોમાં ઉઠવા પામી છે વડગામ તાલુકા પંચાયત અને જનસેવા કેન્દ્ર માં કામો માટે વચેટીયાઓ અને દલાલોની બોલબાલા હોવાની ફરીયાદો તાલુકાના ભરના લોકો માં ઉઠવા પામી છે.

તાલુકા મથક વડગામ ખાતે આવેલી તાલુકા પંચાયત અને જનસેવા કેન્દ્ર માં તાલુકાના વિવિધ ગામોના રોજના કેટલાય અરજદારો વિવિધ કામ અર્થે આવતા હોય છે જેમાં તાલુકા પંચાયત માં લોકો પ્રધાન મંત્રી આવાશ યોજના, શૌચાલય, આવકના દાખલા અને જાતિના દાખલા ક્રીમનલ, ડોમીશાઈડ, સહીત અનેક દાખલા તેમજ કામો માટે તાલુકાભરમાંથી અરજદારો આવે છે જેને કોઈપણ બાનાતળે ધક્કા ખવડાવાઈ રહ્યા છે અને વચેટીયાઓના કામો ફટાફટ થઈ રહ્યા હોવાની ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે. જ્યારે સાચા અરજદારોને રજળપાટ કરાવાતી રહી છે. નાછુટકે લોકોને વચેટીયાઓના શરણે થવું પડે છે અને વચેટીયાઓ અને દલાલો અરજદારો પાસેથી રુપિયા પડાવતા હોવાની રાવ લોકોમાં ઉઠવા પામી છે. અત્યારે ધો-૧૦ અને ૧૨નું પરિણામ આવતા વિધાર્થીઓની વિવિધ દાખલાઓ મેળવવા સવારથી જ ભારે ભીડ જામે છે. ત્યારે કેટલાક ઉતાવળીયા લોકો દલાલો અને વચેટીયાઓ નો ભોગ બની રહ્યા છે દલાલો ઉતાવળા અરજદારો પાસેથી કાગળો અને ૨૦૦ રૂપિયા લઈ જે આ દાખલા કાઢવા માટે બેઠેલા કર્મિઓઓ જોડે સેટિંગ હોવાથી તેમના દાખલા કઢાવી લે છે. કેટલાક અરજદારો ને દાખલા મેળવવા માટે કલાકો સુધી ઉભા રહેવુ પડે છે.

# સોજા હાઈસ્કૂલનું ગૌરવ



કલોલ, તા. ૨૫

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા (એચએસસી) માર્ચ-૨૦૧૯નું સામાન્ય પ્રવાહનું પરિણામ આજરોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાનું સમગ્ર પરિણામ ૭૭.૨૭ ટકા જેટલુ છે, જેમાં વાણિજ્ય પ્રવાહનું પરિણામ ૯૦.૪૮ ટકા અને વિનયન પ્રવાહનું પરિણામ ૬૫.૨૨ ટકા છે.

શાળાના વિદ્યાર્થી ચિ. ઋત્વિક ભોળાભાઈ પટેલ ૮૨.૧૪ ટકા પ્રાપ્તાંક સાથે પ્રથમ ક્રમે, ચિ. ચેહુલ સોમાજી ઠાકોર ૮૦.૪૩ ટકા ગુણાંક સાથે દ્વિતીય ક્રમે અને કુ. પાયલ નંદુભાઈ પ્રજાપતિ ૭૮.૪૩ ટકા ગુણ પ્રાપ્ત કરી તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયેલ છે. શાળા, ગામ અને સમાજનું ગૌરવ વધારવા બદલ તમામ અધ્યેતાઓને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

# ડીસામાં વાલી હિતરક્ષક સમિતિ દ્વારા સુરત આગ હોનારતના મૃતકોને શ્રદ્ધાંજલિ





સુરત ખાતે ચોથા માળે ચાલતા કોચિંગ કલાસીસ આગમાં લપેટાવાની દર્દનાક દુર્ઘટનામાં એક શિક્ષિકા સહિત ૨૨ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોના કમકમાટીભર્યા મોત નિપજતા ગુજરાત સહિત દેશભરમાં ઊંડા આઘાતની લાગણી ફેલાઇ ગઇ છે અને વિવિધ સ્થળે આ કમનસીબ મૃતક વિદ્યાર્થીઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે ત્યારે ડીસા ખાતે પણ રવિવારે સાંજે ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિએ કેન્ડલ માર્ચ યોજી સુરતના કમનસીબ મૃતક વિદ્યાર્થી ભાઈ-બહેનોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં વાલી હિતરક્ષક સમિતિના પ્રમુખ વસંતભાઈ ગોસ્વામી, મંત્રી રમેશભાઈ રાઠોડ, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી,શિવસેનાના ઉત્તર ઝોનના પ્રમુખ કમલેશભાઈ ઠક્કર, શિવસેનાના શહેર પ્રમુખ પ્રકાશભાઈ સુંદેશા, ડીસા હિન્દૂ યુવા સંગઠનના પ્રમુખ મનોજભાઈ ઠાકોર,ડીસાની જાણીતી શૈક્ષણિક સંસ્થા જાગૃતિ ટ્રસ્ટના નિયામક અશ્વિનભાઈ પરમાર, ધારાશાસ્ત્રી ફોફાણી, ડીસા પ્રગતિ અભિવાદન ગ્રુપના અગ્રણી લલિતભાઈ દોશી,આદર્શ હાઈસ્કૂલના વાલી મંડળના પ્રમુખ જયેશભાઈ દેસાઈ,યુવા અગ્રણી કમલેશભાઈ દેસાઈ,ભાજપ યુવા મોરચાના હોદ્દેદારો તેમજ જાગૃત વાલીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કેન્ડલમાર્ચ યોજી હતી. બાદમાં સરદાર બાગ ખાતે સરદાર પટેલની પ્રતિમા નજીક મૃતકોની તસ્વીર આગળ મીણબત્તીઓ પ્રગટાવી પુષ્પાંજલિ અર્પી બે મિનિટ મૌન પાળી મૃતક વિદ્યાર્થીઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમના અંતે ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિના મંત્રી રમેશભાઈ રાઠોડે ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## આશાસ્પદ દીકરી

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમજ તેમના પત્ની ઘટના સ્થળે પહોંચ્યા હતા. ત્યારબાદ ત્યાંથી હોસ્પિટલમાં ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા દિશા અને પ્રિયમને વધુ સારવાર માટે એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન દિશાનુ કરૂણ મોત નિપજયુ હતુ. જયારે પ્રિયમને પણ ગંભીર રીતે ઈજા થતા હાલ સારવાર હેઠળ હોસ્પિટલમાં છે. આ અંગે દિશાના પિતા પ્રણવ જોષીપુરાએ સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રો પ્રણવ જોષીપુરાની આશાસ્પદ પુત્રી દિશાનુ અકસ્માતમાં કરૂણ મૃત્યુ થતા નગરના શૈક્ષણિક આલમમાં પણ શોકની લાગણી વ્યાપી છે. પુત્રીના મોતથી સમગ્ર પરિવાર પર મુસીબતનુ આભ ફાટયુ છે. સમગ્ર પરિવાર અત્યંત દુખી શોકાતુર બન્યો છે. શહેરમાં પણ આ ઘટનાથી દુખ અને શોકની લાગણી વ્યાપી છે.

## નામ બદલેલ છે

મારું જુનું નામ શાહ ભાવિબેન મયુરભાઈ હતું તે બદલીને ભાવિ મયુર શાહ રાખેલ છે. જેની નોંધ લેવી.

લી.
**ભાવિ મયુર શાહ**
આહજોલિયા શેરી,
મુ.તા. લખતર, જી. સુરેન્દ્રનગર
પીન - ૩૮૨૭૭૫

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ.બેન્ક.લિ.

પ્લોટ નં.૩૯૧, ઘ-૪॥, સેક્ટર-૧૬, ગાંધીનગર

## સ્થાવર મિલકતની જાહેર હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી રસ ધરાવનાર વ્યક્તિ / પેઢીઓને જણાવવાનું કે, ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ. ગાંધીનગરની હાલની ઘ-૨ કોર્નર શાખા હાલ ઘ-૨ કોર્નર ખાતે આવેલ સેક્ટર-૬ના કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં પોતાના કાયદેસરની માલિકી હક ધરાવતા સ્વતંત્ર કબજાવાળા તેમજ ટાઈટલ ક્લીયરવાળા મકાનમાં કાર્યરત છે જેમા હાલ બેન્ક ભોંયરા સહિત ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પોતાનો બેન્કીંગ વ્યવસાય કરી રહેલ છે તથા તેની ઉપરનો પ્રથમ માળ અને ચોથા માળનું ધાબુ (ટેરેસ) પોતાના કબજામાં રાખીને બાકીના બીજો અને ત્રીજો માળનું હરાજીથી વેચાણ કરવા માંગે છે.

વેચાણમાં મુકવાની મિલકતની વિગત નીચે જણાવેલ છે.

| અ. ક | મિલકતનું સરનામું | મિલકતનું વર્ણન | વેચાણ કરવાની મિલકતની વિગત | વેચાણ કરવાની મિલકતની તળીયાની કિંમત | હરાજીનો સમય અને તારીખ તથા અરજીની સમય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | પ્લોટ નં.૧૫૩૨, અપના બજારની બાજુમાં કોમર્શીયલ શોપીંગ કોમ્પલેક્ષ, સેક્ટર-૬, ગાંધીનગર. | ક્ષેત્રફળ ૧૫૦ ચો.મી. પ્રકાર - વાણિજ્ય ખુટ વર્ણન - ઉત્તરે પ્લોટ નં.૧૫૩૧ દક્ષિણ પ્લોટ નં.૧૫૩૩ પૂર્વ ૧૦.૦૦ મીટર માર્ગ તથા પશ્ચિમ ૧૦.૦૦ મીટર માર્ગ | (૧) બીજો માળ ૧૬૧૪.૦૦ સ્કે.ફી (૨) ત્રીજો માળ ૧૬૧૪.૦૦ સ્કે.ફી. | ૨,૪૨,૧૦,૦૦૦ ૨,૨૫,૯૬,૦૦૦ | (૧) હરાજીનો સમય અને તારીખ હવે પછી જણાવવામાં આવશે. (૨) જાહેરાતની તારીખથી દિન-૧૦માં રજીસ્ટર એડી. પોસ્ટથી દરખાસ્ત મોકલી આપવી. |

**વેચાણની શરતો:-**

(૧) મિલકત ખરીદનારને બેન્કની સંપૂર્ણ સલામતીના ધોરણોને ધ્યાને રાખીને સ્વખર્ચે મકાનના પાછળના ભાગેની ખરીદેલ મકાનમાં અવરજવર માટે સ્વતંત્ર રીતે સીડી ધ્વારા અવરજવર માટેનો રસ્તો તૈયાર કરવાનો રહેશે.
(૨) પાણીના વપરાશ માટે અંડર ગ્રાઉન્ડ ટાંકીના મિલકત ખરીદનારે સ્વખર્ચે બે ભાગ પાડવાના રહેશે.
(૩) ખરીદનારે સ્વખર્ચે પોતાના વિજળી વપરાશ અંગેનું અલગ મીટર મુકાવવાનું રહેશે.
(૪) આવેલ ભાવપત્રકોની ચકાસણી કરીને હરાજીથી મિલકત વેચાણ આપી શકશે.
(૫) હરાજીના કિસ્સામાં સફળ અરજદારે દરખાસ્તના ૨૫ ટકા રકમ મંજુર થયેથી હરાજીના દિવસે તરતજ ચેક અથવા ડ્રાફ્ટ ધ્વારા જમા કરાવાની રહેશે અને તે અનામત તરીકે જમા થયેલી ગણાશે તથા બાકીની રકમ સ્ટેમ્પ ડ્યુટી તેમજ દસ્તાવેજ તથા દસ્તાવેજને લગતા તમામ ખર્ચા સહિતની સંપૂર્ણ રકમ દિન-૩૦માં ભરપાઈ કરવાની રહેશે. તેમ કરવામાં કસુર થાય તો વેચાણ લેનાર રકમ જપ્ત કરવામાં આવશે.
(૬) સૌથી ઉંચી બોલી સહિતની કોઈપણ અરજી મંજુર/ના મંજુર કરવાની અબાધીત સત્તા બેન્કની રહેશે.
(૭) હરાજીમાં ભાગ લેવા માટેની અરજી સાથે તળીયાની કિંમતના ૧૦ ટકા રકમ ચેક / ડ્રાફ્ટથી બેન્કમાં જમા કરાવાની રહેશે.
(૮) મિલકતની દસ્તાવેજ થયાની તારીખ સુધીનો તમામ બાકી વેરો બેન્ક ખરીદના સાથે રકમ નક્કી કરીને ભરપાઈ કરશે.
(૯) હરાજીથી વેચાણની અન્ય શરતો હરાજી શરૂ કરતા પહેલા વાંચી સંભળાવવામાં આવશે.
(૧૦) જે દરખાસ્ત કરનારે સૌથી ઉંચો ભાવ અથવા હરાજી બોલ્યા હશે તેમ છતા પણ જો બેન્કને સંતોષકારક ભાવ પ્રાપ્ત નહિ થાય તો તેવા સંજોગોમાં બેન્ક હરાજી રદ કરવાનો અધિકાર અબાધિત રાખશે.
(૧૧) મિલકત ખરીદનાર મકાનની આગળ અથવા પાછળના ભાગમાં કોઈપણ પ્રકારની સ્વચ્છતા/ગંદકી તે પ્રકારના કોઈ કાર્ય કરી શકશે નહિ તેમજ બેન્કની સલામતિને બાધ આવે તેવા કોઈ બાંધકામ અથવા તો કાર્યો કરી શકશે નહિ.
(૧૨) મિલકત ખરીદનારને ખરીદેલ મકાનમાં સંડાસ / બાથરૂમ કે અન્ય સેનેટરી સગવડો પોતાના ખર્ચે તૈયાર કરવાની રહેશે.
(૧૩) બીજોમાળ તથા ત્રીજો માળ વેચાણ રાખનારે કોઈપણ જાતની ગેરકાનૂની પ્રવૃત્તિ કરી / કરાવી શકશે નહી.

**મેનેજીંગ ડિરેક્ટર**